આજ કાલ
Dhanraj Group

29th September,2015 Rajkot

# પાલવ સ્કૂલના વિદ્યાર્થીઓએ બનાવી લાઈવ પોસ્ટ ઓફિસ

**આજકાલ કાર્યાલય-રાજકોટ**

પાલવ સ્કૂલના યુનિટ નં.૨ (પાલવ વિદ્યાધામ)માં ડિજીટલ પોસ્ટ ઓફિસનો પ્રોજેકટ લાઈવ કરવામાં આવ્યો હતો. હાલના સમયમાં વિદ્યાર્થિઓમાં પોસ્ટને લગતી માહિતી ખુબ ઓછી હોવાથી તેમજ એજ્યુકેટેડ વ્યક્તિઓ પણ ક્યારેક પોસ્ટને લગતી વહીવટી કામમાં અટકાતા હોવાથી આવા દરેક વિદ્યાર્થીઓ અને અન્ય વ્યક્તિઓને પુરતા પ્રમાણમાં પોસ્ટને લગતી માહિતી મળી રહે તેવા હેતુસર આ ઈવેન્ટને લાઈવ કરવામાં આવી હતી.

પાલવ પોસ્ટ ઓફિસમાં કુલ ૧૩ ડિપાર્ટમેન્ટ રાખવામાં આવ્યા હતા જેમાં પોસ્ટ/સ્પીડ પોસ્ટ, બિઝનેસ પોસ્ટ, સેવિંગ્ઝ બેંક, ઈન્સ્ટન્ટ મની ઓર્ડર, ફિલોટેલી, માય સ્ટેમ્પ વગેરે દરેક ડિપાર્ટમેન્ટનું લાઈવ કાઉન્ટર રાખવામાં આવેલ.

આ તકે પોસ્ટ ઓફિસ (એચ.ઓ.)ના સિનિયર પોસ્ટ માસ્ટર એન.સી. ભટ્ટ તેમજ તેમના સહકર્મચારી નિરજભાઈ રાજદેવ અને રોકડભાઈ પણ ઉપસ્થિત રહી બાળકોના ઉત્સાહને વધારી રહ્યા હતા તેમજ સુકન્યા સમૃધ્ધિ યોજના અને વિદ્યાર્થીઓને બચતની ટેવ પાડવા બચત ખાતા યોજનાના પણ પોસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા સ્કૂલ પર જ ખાતા ખોલી આપવામાં આવ્યા હતા.

આ પ્રોજેકટ માટે કોમર્સના ધો.૧૧ અને ૧૨ના ૫૦ જેટલા વિદ્યાર્થિઓને ૧૦ દિવસ સુધી શાળાના એચઓડી રાજેશભાઈ ડોબરીયા અને મુનેશભાઈ કણઝરીયા તેમજ શિક્ષકગણ દ્વારા ટ્રેનિંગ આપવામાં આવેલ હતી.

પોસ્ટ ઓફિસના આયોજનમાં સ્કૂલના ટ્રસ્ટીઓ જગદીશભાઈ દોંગા, ભરતભાઈ દોંગા, જીતેશભાઈ દોંગા તથા મેનેજમેન્ટ ટીમ દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.